ગાંધીનગર સમાચાર
તા. ૧૭-૨-૨૦૧૪, સોમવાર

તંત્રી સ્થાનેથી....

દિલ્હીમાં રાષ્ટ્રપતિ શાસન

આખરે દિલ્હીના ગૂંચવાયેલા કોયડાને કોંગ્રેસને અપેક્ષિત ઉકેલ જ આવી પડ્યો છે. દિલ્હીમાં રાષ્ટ્રપતિ શાસન આવી રહ્યું છે. ઉપરાજયપાલ નજીબ જંગને રાજીનામું સોંપી દીધા પછી લઘુમતી સરકારના વડા અરવિંદ કેજરીવાલે ઉપરાજયપાલને એવી સલાહ આપેલી કે વિધાનસભા ભંગ કરી તેઓ નવી ચૂંટણી આપે. વિપક્ષના નેતા ડૉ. હર્ષવર્ધને ઉપરાજયપાલ જે કંઈ નિર્ણય કરે તે સ્વીકારવાની તૈયારી રાખી હતી. કોઈ પણ સમયે નવેસરથી ચૂંટણી યોજાય તો એ માટે એમની સંપૂર્ણ તૈયારી હોવાનું નિવેદન કરી દીધા પછી પણ ભાજપની નેતાગીરી અંદરતી તો એમ જ ઇચ્છતી હોય કે ઉપરાજયપાલ ફરી એક વાર લોકપ્રિય સરકાર રચવાની કવાયત શરૂ કરે અને સૌથી મોટા રાજકીય પક્ષ તરીકે એ અંગેની શક્યતાઓ ચકાસવા પોતાનો નિમંત્રણ પાઠવે. નજીબ જંગ આવું કંઈ કરે તો ભાજપ માટે દિલ્હીમાં સરકાર રચવાની સંભાવના વધી જતી કારણ કે છત્રીસનો જાદુઇ આંકડો આંબવા જોઈતા સભ્યો એકઠા કરી શકાય એમ હતા. આમ આદમી પાર્ટીના નિષ્કાસિત ધારાસભ્ય વિનોદકુમાર બિન્ની શરૂથી જ પોતાની સાથે પાંચ અસંતુષ્ટો હોવાનો દાવો કરતા રહ્યા છે. બિન્નીને કેજરીવાલે મંત્રીમંડળમાં ન સમાવ્યા કે લોકસભાની ટિકીટનું આશ્વાસન પણ ન આપ્યું એથી એમણે નારાજ થઇને પાર્ટીમાં લોકશાહી નહીં હોવાના આક્ષેપો કર્યા હતા. સરકાર સામે એમણે ઉપવાસનું શસ્ત્ર પણ ઉગામ્યું હતું, જેમાં સરીયામ નિષ્ફળતા મળ્યાં છતાં એ કેજરીવાલનો કેડો મૂકવા તૈયાર નહોતા. બિન્નીની આ ચળવળ પાછળ દેખીતી રીતે જ ભારતીય જનતા પાર્ટીનો હાથ હતો. તેથી જેવી કેજરીવાલ સરકાર ગઇ કે તરત જ મંત્રીપદું ઇચ્છતા બિન્ની ભાજપ સરકારનાં સપના જોતા થઈ ગયા હતા. એમનાથી પણ એક કદમ આગળ વધીને અપક્ષ ધારાસભ્ય રામબીર તો ભાજપ અને કોંગ્રેસના સહયોગથી પોતે સરકાર બનાવવા તૈયાર હોવાનાં નિવેદનો કરવા લાગ્યા હતા : 'હું કેજરીવાલ કરતાં સારી સરકાર આપી શકું એમ છું. દિલ્હીની પ્રજાના માથે ટૂંકા ગાળામાં નવી ચૂંટણીનો બોજ ઝીંકી દેવો ઉચીત નથી.' મહત્ત્વાકાંક્ષાની આ પરાકાષ્ઠા જ ગણાય. નજીબ જંગની જેમ દિલ્હીના આમ મતદાતાને પણ આવી અનધિકાર ચેષ્ટા હાસ્યાસ્પદ જ લાગી હશે. પરંતુ સૌથી કરૂણ સ્થિતિ કદાચ ખુદ કેજરીવાલની છે. એમને મોટી અપેક્ષાઓ સાથે ઢગલાબંધ મત આપી દેનારી પ્રજાને એમ લાગે છે કે આ માણસે ખોટી ઉતાવળ કરી નાખી છે. દરેક બાબતમાં આંદોલનની ભાષા ન ચાલે. વહીવટમાં ધીરજની જરૂર હોય છે. જનલોકપાલ બિલને મુદ્દો બનાવી કેજરીવાલે એમના શિરે આવી પડેલી જવાબદારીમાંથી છટકી જવાનું પસંદ કર્યું તે કોઇ પરિપક્વ શાસકને ન છાજે એવો પલાયનવાદ છે. એમણે બંધારણની મર્યાદામાં રહી દિલ્હીને પૂર્ણ રાજયનો દરજ્જો અપાવવાની જરૂર હતી. જે અઢાર મુદ્દાઓ પર એમણે કોંગ્રેસનો સહકાર સ્વીકાર્યો હતો, એમાં જનલોકપાલ બિલ અલબત્ત, એક મહત્ત્વનો બલકે ભ્રષ્ટાચાર નિર્મૂલનની ઝુંબેશ ચલાવતી આમ આદમી પાર્ટીનો મધ્યવર્તી મુદ્દો હતો તે સાચું, પરંતુ એ માટેની બંધારણીય પ્રક્રિયા સ્વીકાર્યા વગર પોતાની મરજી મુજબ ચાલવાની કેજલીવાલ સ્ટાઇલને કોંગ્રેસનું સમર્થન ન જ મળે તે સ્વાભાવિક હતું. કેજરીવાલના જનલોકપાલના સંવેદનશીલ મુદ્દાનો વિરોધ કરીને કોંગ્રેસ કે ભાજપ અપ્રિય તવા નહોતા માગતાં, તેથી એમણે આ બિલ બંધારણીય પ્રક્રિયા મુજબ આવે એવી અપેક્ષા રાખી હતી. એમને પણ ખબર હતી કે કેજરીવાલમાં એટલી ધીરજ નહોતી. પરિણામે સદનમાં જે સ્થિતિ પેદા થઈ તેમાં વિપક્ષ ભાજપ અને સરકારનું કહેવાતું સમર્થન કરનાર કોંગ્રેસ એક થઈ ગયાં અને સરકાર ગઈ. કેજરીવાલ એને કુરબાનીમાં ખપાવવા મથી રહ્યા છે અને કિરણ બેદી જેવાં ભાજપ તરફી અણ્ણા સમર્થક એમનાં પૂર્વ સાથીએ લોકપાલ માટે નહીં પરંતુ લોકસભા માટે ત્રાગું કર્યું હોવાની કોમેન્ટ કરે છે. રાષ્ટ્રપતિ શાસન નાખવાની બાબતને કેજરીવાલે ઉપરાજયપાલનું 'ગેરબંધારણીય' કૃત્ય ગણાવ્યું છે! હકીકતમાં એ સિવાય બીજો વિકલ્પ જ કયાં બચ્યો હતો? ઉપરાજયપાલે ભાજપને બહુમતી માટેની તજવીજ કરવા તક આપી હોય તો પણ કેજરીવાલે એમની ટીકા જ કરી હોત. દેશમાંથી ભ્રષ્ટાચાર સાફ કરવા નીકળેલા મહત્ત્વાકાંક્ષી નેતાને પોતાના તમામ કૃત્ય વાજબી લાગે છે અને બાકીના તમામમાં ભ્રષ્ટાચાર વરતાય છે. આ એક પ્રકારની રુગ્ણ માનસિકતા છે.



નહેરૂ યુવા કેન્દ્ર, ગાંધીનગર દ્વારા જિલ્લા પ્રશાસનનાં સહયોગથી અંબોડ અશ્વ શો દરમિયાન ગાંધીનગરની જાણીતી સંસ્થા જી.ઈ.કલબ, ઉત્થાન એજયુ. ટ્રસ્ટ અને પેથાપુરનાં કલાકારો દ્વારા દેશભકિત ગીત, ભારત નાટયમ, ગાયન, કરાટે ડેમો, ફોક ડાન્સ, ગરબા ત્થા સાંસ્કૃતિક કાર્યક્રમો રજુ કરવામાં આવ્યા હતા.

(તસવીર : કશ્યપ નિમાવત)

હરિની દૃષ્ટિ...

આમ તો જોબની જરૂર નથી, પણ ઘરે રહું તો વાઈફ બહુ કામ કરાવે છે...!!

કલેક્ટરના આદેશની અવગણના કરાઈ

શાળાઓ ફાયર સેફ્ટી માટે માહિતી આપવામાં નિષ્ફળ

અમદાવાદ, તા. ૧૬

અમદાવાદ શહેર જિલ્લાની સરકારી પ્રાથમિક, માધ્યમિક, ખાનગી શાળાઓ સહિત કોલેજોએ ૩૧ માર્ચ પહેલા સુપ્રીમ કોર્ટની ગાઈડલાઈન મુજબ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ફાયર સેફ્ટીના સાધનો વસાવી લેવાનો ફતવો ફરી એક વખત કલેક્ટર તંત્રે કર્યો હતો જેમાં, ૩૦ જાન્યુ. સુધીમાં દરેક શાળાએ તમામ વિગત તંત્રને આપવાની હતી. જો કે અજ દિન સુધી કલેક્ટર તંત્ર પાસે કોઈ જ વિગત આવી નથી. એટલે કે કલેક્ટરના આદેશને તમામ શાળા જાણે ઘોળીને પી ગઈ હોય એવું ચિત્ર સ્પષ્ટ થાય છે.

પ્રાપ્ત થતી માહિતી મુજબ શહેર જિલ્લામાં આવેલી ૧૫૦૦ માધ્યમિક શાલઆ, ૧૭૨૫ ખાનગી પ્રાથમિક શાળા, ૧૪૫૦ જિલ્લાની સરકારી પ્રાથમિક સહિત મહાનગરપાલિકા હસ્તકની ૧૦૦ કરતા વધુ શાળા અને ૧૦૦ કોલેજ આ તમામ શૈક્ષણિક સંસ્થાને ૩૦ જાન્યુ સુધીની અંતિમ મુદ્દત આપવામાં આવી હતી પરંતુ આ વાતને ૧૫ દિવસ વીતી જશે છતાં કલેક્ટર તંત્ર પાસે એક પણ વિગત આવી નથી. આ તમામ વિગત માટે આરએન્ડબી, પીજીવીસીએલ, શિક્ષણ બોર્ડ ટીમના અધિકારીઓની ટીમ ડિઝાસ્ટર મેનેજમેન્ટ સેફ્ટી પ્લાન અન્વયે જે તે શાળામાં ચેકિંગ હાથ ધરશે. ૩૧ માર્ચ સુધીમાં કલેક્ટરને રિપોર્ટ સોંપશે. દરેક શાલા દીઠ એક એક શિક્ષકને ડિઝાસ્ટર મેનેજમેન્ટની તાલીમ આપવામાં આવી છે. દરેક શાળાએ ડિઝાસ્ટર મેનેજમેન્ટને લગતા ધારાધોરણોનું કડક પાલન કરવાનું અનેક વખત અગાઉ પણ કહેવાયું છે છતાં તમામ શાળા સહિત સંબંધિત તંત્ર ઉદાસીન વલણ દાખવી રહ્યું છે. મોટાભાગની શાળાઓમાં નિયમોનો ઉલાળિયો થઈ રહ્યો છે ત્યારે ફરી એક વખત મુદત આપી કલેક્ટર તંત્રે ફતવો જાહેર કર્યો છે.

કડી સંકુલમાં બે દિવસીય 'સાયન્સ અવેરનેસ' વર્કશોપ યોજાયો

(તસવીર : દિપક જાની)

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગરના સે-૨૩નાં કડી સંકુલમાં આવેલ નાથીબા હોલ ખાતે એમ.બી. પટેલ ઈંગ્લીશ મીડીયમ સ્કૂલ દ્વારા નેશનલ સાયન્સ એકેડમીના સહયોગથી બે દિવસીય સાયન્સ અવેરનેસ વર્કશોપનું આયોજન કરાયું હતું. આ વર્કશોપમાં વિદ્યાર્થીઓને વિજ્ઞાન જેવા અઘરા વિષયને સરળતાથી સમજવા પ્રયોગો, વાર્તાલાપ, વિડીયો-ઓડીયો પ્રેઝન્ટેશન તેમજ વકતવ્યો દ્વારા સમજ અપાઈ હતી.

આ સાયન્સ અવેરનેસ વર્કશોપનું ઉદઘાટન કડી સર્વ વિશ્વ વિદ્યાલયના રીસર્ચ સેલના ડીન ડૉ. રાજમલ જૈનના હસ્તે કરવામાં આવ્યું હતું. આ વર્કશોપમાં જાણીતા વૈજ્ઞાનિકો ધનંજય રાવલ, સોમકુમાર શર્મા, હરિઓમ વસ્ત, ડૉ. ભાનુકુમાર જૈન, ડૉ. તુષાર પંડયા અને ભરતકુમાર જૈન વગેરે ઉપસ્થિત રહ્યા હતા. આ વર્કશોપમાં લાઈવ ડેમો દ્વારા અર્થ એટેમોસ્મી, સોલાર સીસ્ટમ, અંતરીક્ષ વિજ્ઞાન, ઉપગ્રહ જીએસએલવી-૫, માર્સ મંગલ જેવી અનેક બાબતો પર પ્રકાશ પાડવામાં આવ્યો હતો.

આ વર્કશોપ માટે એમ.બી. પટેલ સ્કૂલના આચાર્ય અર્પિતભાઈ ક્રિશ્ચિયને વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા જયારે આ વર્કશોપને સફળ બનાવવા કોર્ડિનેટર ડૉ. પૂનમસિંઘ, કો ઓર્ડિનેટર યોગેન્દ્ર ચૌહાણ અને મોનિકા બિજલાણી વગેરેએ ભારે જહેમત ઉઠાવી હતી. આ વર્કશોપમાં એક હજારથી પણ વધુ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

શ્રી અરવિંદ કેન્દ્ર દ્વારા માતૃ વંદનાના કાર્યક્રમનું આયોજન

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગરમાં સે-૨૩ ખાતે આવેલા શ્રી અરવિંદ કેન્દ્ર દ્વારા તા. ૨૧મી ફેબ્રુઆરીએ શ્રી માતાજીના ૧૩૭મા જન્મદિવસે માતૃવંદના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. શ્રી માતાજીના મહર્ષિ અરવિંદ સાથેના પ્રથમ મિલનની શતાબ્દી વર્ષની ઉજવણી અંતર્ગત આ કાર્યક્રમનું આયોજન કરાયું છે. આ ઉત્સવમાં ધ્યાન, પ્રાર્થનાનો કાર્યક્રમ સવારે ૯.૩૦ વાગ કરાશે તેમજ સાંજે ૫.૩૦ વાગે સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાશે. આ કાર્યક્રમમાં હાજર રહેવા જાહેર જનતાને આમંત્રણ અપાયું છે.

બાયોટેકનોલોજીના વિદ્યાર્થીઓને TAT પરીક્ષામાં થઈ રહેલો અન્યાય

... નહિ તો બી.એડ. ડીગ્રી પ્રમાણપત્ર પુરતી સિમિત રહેશે

ગાંધીનગર, તા. ૧૬

હાલમાં ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા અખબારોમાં ગઈ તા. ૧૪ના રોજ TAT પરીક્ષાના આવેદનપત્રો મંગાવવાની જાહેરાત આપવામાં આવી છે. જેમાં વિજ્ઞાનના બાયોટેકનોલોજી વિષયના વિદ્યાર્થીઓને હળાહળ અન્યાય કરવામાં આવી રહ્યો છે તેમ બાયોટેકનોલોજીના વિદ્યાર્થીઓએ એકસુરે જણાવ્યુ છે.

રાજ્યમાં શિક્ષિત બેરોજગારોને લઈને રાજ્ય સરકારે વિવિધ સરકારી ખાતાઓમાં ભરતી આરંભી છે. ત્યારે રાજ્યમાં ગઈ તા. ૧૪ના રોજ અખબારોમાં TAT પરીક્ષામાં ઉમેદવારી નોંધાવવા માગતા ઉમેદવારો પાસે ઓનલાઈન અરજીઓ તંત્ર દ્વારા મંગાવવામાં આવી છે.

જેમાં બાયોટેકનોલોજી સાથે સ્નાતક અનુસ્નાતક થયેલા વિદ્યાર્થીઓ મુસીબતમાં મુકાયા છે. જેઓ અનુસ્નાતક હોવા છતા આ પરીક્ષાથી વંચિત રહી જશે તેવા એંધાણ વર્તાઈ રહ્યા છે.

વિદ્યાર્થીઓએ જણાવ્યુ છે કે થોડા મહિના અગાઉ પ્રાથમિક શિક્ષણ વિભાગ તરફથી TAT-2 પરીક્ષામાં બાયોલોજી સાથે સ્નાતક થયેલા વિદ્યાર્થીઓને માન્ય ગણવામાં આવ્યા છે અને ગણિત-વિજ્ઞાન વિષયના શિક્ષકોની ભરતીમાં બાયોટેકનોલોજી વિદ્યાર્થીઓને વિદ્યાસહાયક તરીકે નિમણુંક આપવામાં આવી છે.

TATની પરીક્ષા માટે ઓનલાઈન પ્રક્રિયા ચાલુ થઈ ગઈ છે. જે તા. ૧૩મી માર્ચ સુધી ચાલશે. ત્યારે સરકારના શિક્ષણ વિભાગ દ્વારા બાયોટેકનોલોજીના વિદ્યાર્થીઓ, પરીક્ષાથી વંચિત રહી ના જાય અને તેમણે મેળવેલી બી.એડ.ની ડીગ્રી પ્રમાણપત્ર પુરતી સિમિત રહી ના જાય. તેમજ તેમનું મેળવેલુ શિક્ષણ વ્યર્થ ના જાય તે માટે જરૂરી પગલા ભરવા માટે વિદ્યાર્થીઓ એકસૂરે પોકારી ઉઠ્યા છે.

દરેક માતાએ તરૂણ વયમાં પોતાની દીકરી કે દીકરાના મિત્ર બનવાનું છે અને મિત્ર દાવે કાળજી રાખવાની છે

મહિલા સમાજ અને કાયદો
અંક-૩૧
ડૉ. ભાવના કે. જોશીપુરા

આપણે અગાઉના અંકમાં નેહાની વાત કરી હતી. નેહાએ એ તરૂણાવસ્થામાં પ્રવેશેલી એક તરૂણી છે. તરૂણાવસ્થાને કારણે એક તરૂણીને એક કિશોરીને માત્ર પોતાની વયને કારણે કેટલાક પ્રશ્નોનો સામનો કરવાનો આવે છે. આ વય જૂથની તરૂણીઓ એટલે કે ૧૨ વર્ષથી ૧૮ વર્ષ સુધીની દિકરીઓને પણ આવશ્યક સાર સંભાળ ખૂબ જ જરૂરી છે. શરીરમાં આવતા શારીરિક ફેરફારો સાથે આ વયમાં મનોજગત પણ ખૂબ વિહાર યાત્રામાં રાચતું હોય છે. આ તરૂણાવસ્થા તેને 'મુગ્ધાવસ્થા' પણ કહી શકાય.

હાલમાં છેલ્લા કેટલાક સમયથી સમગ્ર દેશમાં દરેક રાજયમાં તરૂણીઓ ઉપર વધારે ધ્યાન કેન્દ્રીત કરીને એક મહિલાની તરૂણ વયથી જ તેણીને માનસિક વિકાસ તરફ લઈ જવાની કોશિષ ચાલી રહી છે. તરૂણાવસ્થા ક્લીનીક એવું નામ પણ આ પ્રકારના કાર્યરત કેન્દ્રોને આપવામાં આવે છે. એવું નથી કે માત્ર તરૂણીઓ ઉપર જ ધ્યાન કેન્દ્રીત કરવાની જરૂર છે, તરૂણોની પણ આવશ્યક કાળજી લેવવી જોઈએ તેવું દરેક સ્ત્રી સંગઠનાનું સામાન્ય રીતે માનવું હોય છે.

તરૂણ વયમાં મનમાં અનેક તરંગો ઉઠવા, એ તરંગોને કોઈ મહાત કરનાર સામે મળે નહીં તો એ માનસિક અવસ્થામાં કેટલીકવાર જિંદગીની દિશા પણ બદલાઈ જતી હોય છે. આ ઉંમરમાં જાતીય શિક્ષમની આવશ્યકતા છે કે કેમ તે પણ બૃહદ ચર્ચાનો વિષય રહ્યો છે. એવું લાગે છે કે આ બધી પરિસ્થિતિમાં કુટુંબ સંસ્કાર એ ખૂબ મોટો ભાગ ભજવે છે. સાથે સાથે શાળાના વાતાવરણ અને શાળા શિક્ષકોનો પણ એક દિકરી કે દિકરાના ઘડતરમાં મહત્વનો ફાળો હોય છે. કહેવાનો અર્થ એ છે કે આપણે ખરા અર્થમાં તમામ બાબતે સાચા અર્થમાં જાગૃતિ કેળવીને એક તરૂણ કે તરૂણી જિંદગીના સાચા રાહ ઉપર પહોંચે તે બાબતે વિશેષ જાગૃત રહેવું પડશે.

આ પ્રકારની જાગૃતિનો ઉલ્લેખ એટલા માટે કરું છું કે નાની વયમાં ગેરમાર્ગે દોરાઈ જવાના અનેક કિસ્સાઓ રોજબરોજ અમારી પાસે આવે છે. આ કિસ્સાઓની જ્યારે ભીતરમાં તપાસ કરીએ અને જ્યારે ઊંડાણથી આવા કેસ કેમ બન્યા તેનું સંશોધન કરીએ તો ક્યાંક આજુબાજુનું પર્યાવરણ પણ જવાબદાર બને છે. સાંવરીની જો વાત કરું તો,

સાંરવી તેની માતા સાથે રહે છે. તેનીની માતા સવારથી સાંજ બહાર કામે જાય છે. સાંવરીની માતા સવિતાની પણ અજબ સ્ટોરી છે. સાંવરીના પિતા રીક્ષા ચલાવતા હતા અને એ રીક્ષા ચલાવતા કોઇ બીજી એક સ્ત્રીના સંપર્કમાં આવ્યા. સાંવરીના જન્મ બાદ સાંવરીનો પિતા બીજી કોઇ સ્ત્રી સાથે જતો રહ્યો. એક રૂમની ઓરડી અને ઘરની આવી પડેલી જવાબદારી આ બધી બાબતો વચ્ચે સવિતા સાંવરીનું ધ્યાન રાખે કે બે ટાઇમ જમવા જોશે તેની ચિંતા કરે? આ બધી બાબત વચ્ચે સાંવરી તો જાણે શેરીમાં મોટી થતી ગિ, પછી તો માતાને નાનકડી નોકરી પણ મળી. સવિતાને સવારે ૧૦ થી ૬ નોકરીએ જવાનું હોય તેથી સવિતા સાંવરીની રસોઇ બનાવીને જાય અને પોતાનું ટિફીન સાથે બનાવીને જાય. સાંવરી શાળાએથી પરત આવીને પોતાના ઘરે ટીવી નહીં હોવાથી પોતાના વિસ્તારના જ એક ઓઘરે ટીવી જોવા બેસી જતી. પ્રથમ તો સવિતાને બહુ સારું લાગતું. સવિતા માનતી કે સાંવરીને એકલું લાગે નહીં અને ભલે ટીવી જોતી. સવિતાને જો નાના મોટા કામ અંગે કે વહેવારીક કામ અંગે બહારગામ જવાનું થાય તો સાંવરી ટીવીવાળા બહેનના ઘરે જ રોકાઇ જતા. સાંવરી હવે તરૂણી બની ચુકી હતી પરંતુ સવિતાને પોતાની કામની ઘટમાળમાં સાંવરીની તરૂણાવસ્થા ભુલાઇ ગઇ. દરેક માતાએ તરૂણ વયમાં પોતાની દીકરી કે દીકરાના મિત્ર બનવાનું છે અને મિત્ર દાવે કાળજી રાખવાની છે. જો કે તમામ માતાઓ આ બાબતથી વાકેફ હોય છે પરંતુ કેટલીકવાર વધારે પડતી બેદરકારી, આ બધી બાબતને કારણે કેટલીકવાર પ્રશ્નો ઉભા થતાં હોય છે. તરૂણાવસ્થા ક્લીનીકમાં એટલે જ માતાઓનાં મિલનનો કાર્યક્રમ પણ આવશ્યક છે. સામાજિક, આર્થિક પરીબળ પણ આમાં ક્યારેક જવાબદાર બને છે જે સાંવરીના કેસમાં બન્યું.

> તરૂણાવસ્થા ક્લીનીક એવું નામ પણ આ પ્રકારના કાર્યરત કેન્દ્રોને આપવામાં આવે છે, એવું નથી કે માત્ર તરૂણીઓ ઉપર જ ધ્યાન કેન્દ્રીત કરવાની જરૂર છે, તરૂણોની પણ આવશ્યક કાળજી લેવવી જોઈએ તેવું દરેક સ્ત્રી સંગઠનાનું સામાન્ય રીતે માનવું હોય છે

સવિતા એક દિવસ ખુબ જ ગભરાયેલી આવે છે, તે કહે છે સાંવરી બે - ત્રણ દિવસથી ઘરે આવી નથી, પહેલાં હું બહારગામ જવાની હતી પરંતુ પછી ન ગઇ, મને એમ હતું કે સાંવરી પહેલા ટીવીવાળા બહેન કમળાબેન જોડે હશે પરંતુ તપાસ કરતાં ખબર પડી કે કમળાબહેન એક દિવસ પહેલા જ ઘર બદલી નાખેલ છે. સવિતાના આ બે વાક્યો ઉપર અમોને વિચાર કરતાં કરી દીધા. સવિતા પાછી મળવા ન આવી. લગભગ એક મહિના પછી આવી. અમોને એમ હતું કે સાંવરી મળી ગઇ તેથી નહીં આવી હોય પરંતુ સવિતા તો જણાવે કે આજુબાજુના બધા લોકોએ ફરિયાદ કરવાની ના પાડી અને કોઇ કેન્દ્રમાં પણ જવાની ના પાડી. એ કહેતી હતી કે જો સાંવરી અંગે ક્યાંક જાણ કરીએ તો પછી બદનામ થઇ જવાયને? પછી એક માસ સાંવરીની રાહ જોઇ, સગાવહાલાં કુટુંબીમાં તપાસ કરી અને સાંવરીની બામતી આપવા સવિતા આવી.

સાંવરી ક્યાંથી ગૂમ થઇ? કેવી રીતે ગુમ થઇ? કોની પાસે ગઇ? વગેરે તો પછી જણાવીશ પરંતુ હાલમાં તો નેહા તરૂણાવસ્થાનો ભોગ બની હતી તેના પર આગળ વધીએ, તો નેહા સાંવરીની જેમ ગૂમ ન થઇ હતી પરંતુ સ્વતંત્ર મીજાજી અને પોતાનું ધાર્યું કરવા એક ટેવ પડી ગઇ હતી. નેહાનો આગળનો કેસ આપ સૌને ખ્યાલ છે છતાં ટુંકમાં કહીએ તો નેહાનું નાની વયમાં ગેરમાર્ગે દોરાવું અને તેના કારણે માતાપિતા આશ્રયગૃહમાં સમાજસેવી સંસ્થાની મદદથી મુકી આવે છે, સમાજસેવી સંસ્થાના સંચાલિકા નેહાની વર્તણુકથી થાકીને પોતાના ઉપર કોઇ જવાબદારી ન આવે તે હેતુ ચીવટપુર્વક નેતાને પરત ઘરે મોકલવા સફળ થાય છે. નેહાના માતાપિતા નેહા નાની છે છતાં ખૂબ મોટી ઉંમરના પુરૂષ સાથે તેનું લગ્ન નક્કી કરે છે અને નેહાને બે-ચાર દિવસમાં જાણે કે જિંદગીનું શિક્ષણ પ્રાપ્ત થયું હોય તેમ લાગે છે. નેહા પોતે સુંદર છે, ચપળ છે પરંતુ તેણીએ કરેલી તરૂણાવસ્થાની ભૂલને કારણે તેના માતાપિતા જલ્દીથી બીજે પરણાવી દેવા માંગે છે. નેહા આનો વિરોધ કરે છે અને માસી પાસે ભાગી જાય છે. નેહાની માસી પ્રથમ આશ્રય આપવા ખૂબ જ અચકાય છે, પોતાના પતિની જ બીક લાગે છે અંતે માસી - માસા પાછા આશ્રય સ્થાનના કાર્યકરો કે જે 'સર્વીસ પ્રોવાઇડર (સેવા પુરી પાડનાર) તરીકે પણ ફરજ બજાવે છે તેઓ રક્ષણ અધિકારી સાથે ચર્ચા કરે છે. આપણે અહીંથી પ્રશ્નાર્થ મુક્યો હતો અને વાત અધુરી છોડી હતી. રક્ષણ અધિકારીને સેવા પૂરી પાડનાર સંસ્થાના પ્રતિનિધિ નેહાને આશ્રય પુરૂ પાડવા ફરજ પાડી શકે ?

આપણે ગત્ અંકમાં સેવા પુરી પાડનાર અંગે કલમ -૧૦ વિગતવાર ચર્ચા કરી હતી. કલમ-૧૦માં સેવા પુરી પાડનાર સંસ્થાઓની સત્તાઓ અંગે પણ કાયદાકીય જોગવાઇ કરવામાં આવી છે. આપણે જોયું કે ભોગ બનનાર વ્યક્તિને આશ્રય સ્થાન ઉપલબ્ધ થયું છે કે કેમ તેની ખાત્રી કરવાની સત્તા પણ સેવા પુરી પાડનારને આપવામાં આવેલી છે. આવું આશ્રય સ્થાન એ કોના દ્વારા પુરૂં પાડવામાં આવશે તેની પણ આજ કાયદાની અંતર્ગત જોગવાઇ કરવામાં આવેલી છે. આપણે કલમ-૯ માં રક્ષણ અધિકારીની ફરજો અને કાર્યો પણ તપાસ્યા અને આમ સર્વીસ પ્રોવાઇડર પોતે ભોગ બનનાર વ્યક્તિને મદદ કરવા માટે કાયદેસરની સત્તા ધરાવે છે. તેવું રક્ષણ અધિકારીને સમજાવી શક્યા. રક્ષણ અધિકારી એ પણ મોટે ભાગે સમાજકાર્યનો નિષ્ણાંત, અભ્યાસુ હોય છે અને તે રીતે નેહાના કેસની ગંભીરતા ધ્યાને લઇને આશ્રય ગૃહના સંચાલિકાને બોલાવ્યા. નેહાના માતાપિતાને તાત્કાલિક બોલાવવામાં આવ્યા. જો બાળ વયે લગ્ન થાય તો નેહાના માતાપિતા પણ ગુનેગાર ઠરે તેવી કાયદાની સમજણ તેઓને આપીને નેહાને પણ 'કાઉન્સિલીંગ' પુરૂં પાડીને માતાપિતા સાથે મોકલી આપી.

સમયની એરણે અને સમયની કસોટીએ નેહા પણ સમજણી થઇ. બાળલગ્ન અધિનિયમન એ શું છે? પુખ્તતા અંગેનો કાયદો શું છે? સાંવરીના કેસમાં શું થયું? મળી એ આવતાં અંકે....